# જાહેરનામું

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૯/૨૦૨૩, તા.૧૫/૫/૨૦૨૩**

હું, પ્રેમ વીર સિંહ, IPS, ઇ/ચા.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ-૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં દક્ષિણ પશ્ચિમ ઝોનમાં અમદાવાદ બોટાદ રેલ્વે લાઇન લેવલ ક્રોસીંગ નં.૨૧ ઉપર વસ્ત્રાપુર સ્ટેશન પાસે વેજલપુરથી આનંદનગર કનેક્ટ થતા ૨૪/૩૦.૦૦ મીટરનાં રસ્તા ઉપર થ્રી લેન રેલ્વે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી દરમિયાન ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં દક્ષિણ પશ્ચિમ ઝોનમાં અમદાવાદ બોટાદ રેલ્વે લાઇન લેવલ ક્રોસીંગ નં. ૨૧ ઉપર વસ્ત્રાપુર સ્ટેશન પાસે વેજલપુરથી આનંદનગર કનેક્ટ થતા ૨૪/૩૦.૦૦ મીટરનાં રસ્તા ઉપર થ્રી લેન રેલ્વે ઓવર બ્રીજ બનાવવાની કામગીરી અ.મ્યુ.કો. દ્વારા ચાલુ કરવામાં આવેલ છે. સદર ફ્લાયઓવર બ્રીજની કામગીરી માટે રસ્તાની વચ્ચે કુલ ૧૨ થી ૧૪ મીટર પહોળાઇમાં બેરીકેડીંગ કરવાનું થાય છે. જેથી હયાત ટી.પી. રસ્તાની પહોળાઇ મુજબ બેરીકેડીંગ કર્યા બાદ બન્ને તરફ સર્વિસ રોડ આશરે ૪ થી ૫ મીટરની પહોળાઇમાં મળી રહે તેમ છે. સદર રસ્તા ઉપર હાલમાં સ્થાનિક ટ્રાફિક, AMTS ની આવતી-જતી બસો વિગેરે સૂચિત બ્રીજના સર્વિસ રોડ ઉપરથી પસાર થનાર છે. સદર સર્વિસ રોડના ભારે વાહનો જેવા કે AMTS બસો, લોડીંગ ટ્રકો વિગેરેનો ટ્રાફિક બંધ કરી હંગામી ધોરણે તેને ડાયવર્ટ કરવું અતિ-આવશ્યક જણાય છે.

ઉપરાંત, સદર સુચિત બ્રીજના બાંધકામ માટે બેરીકેડીંગ કરી હયાત ટ્રાફિકને બન્ને તરફના સર્વિસ રોડ ઉપર ડાયવર્ટ કરવા માટે તથા સૂચિત બ્રીજની કામગીરી માટે યુટીલીટી લાઇન માટે કરેલ ડાયવર્ઝન તથા ખોદાણને લીધે સૂચિત બ્રીજના નવા સર્વિસ રોડ અ.મ્યુ.કો. દ્વારા બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. સૂચિત બ્રીજમાં આશરે ૧૨-૧૪ મીટરની પહોળાઇમાં સ્ટેજીંગ કરી સુપર સ્ટ્રક્ચરની કામગીરી હાથ ધરવાની થતી હોઇ સર્વિસ રોડ ઉપરના ટ્રાફિકની ગીચતા તેમજ રેલ્વે ઓવરબ્રીજની કામગીરી માટે ભારે વાહનો ઉપયોગમાં લેવાના થતા હોઇ જાન-માલની સલામતી તથા બ્રીજ સ્ટ્રક્ચરની સલામતી માટે સદર નવા બનનાર સર્વિસ રોડ ઉપરના ભારે વાહનો જેવા કે, AMTS બસો, લોડીંગ ટ્રકો વિગેરેને મુખ્ય રસ્તાને તબક્કાવાર જરૂરીયાત મુજબ વન-વે કરીને ટ્રાફિક બંધ કરી હંગામી ધોરણે ડાયવર્ટ કરવો અતિ-આવશ્યક જણાય છે.

જેથી સૂચિત બ્રીજના સુપરસ્ટ્રક્ચરની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી સર્વિસ રોડ ઉપરથી પસાર થતા ટ્રાફિક પૈકી માત્ર ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર તથા લાઇટ મોટર વ્હીકલનો ટ્રાફિક ચાલુ રાખી તે સિવાય AMTS બસો અને લોડીંગ ટ્રકો વિગેરેની અવર-જવર માટે પ્રતિબંધિત/આપવામાં આવે છે.

| અનં. | AMTS બસો અને લોડીંગ ટ્રકો વિગેરે વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | અમદાવાદ શહેરમાં દક્ષિણ પશ્ચિમ ઝોનમાં અમદાવાદ બોટાદ રેલ્વે લાઇન લેવલ ક્રોસીંગ નં. ૨૧ ઉપર વસ્ત્રાપુર સ્ટેશન પાસે વેજલપુરથી આનંદનગર કનેક્ટ થતા ૨૪/૩૦.૦૦ મીટરનો રસ્તો (સૂચિત | ➢ ચંદ્રમૌલી સ્કુલથી રેડીયોમીર્ચી રોડથી સીમાહોલ સુધી.<br>➢ LC-૨૧ થી LC-૨૦ રેલ્વે પેરેલલ સર્વિસ રોડ.<br>➢ LC-૨૧ સર્વિસ રોડ થી LC-૨૨ અંડરપાસ થઇ આનંદનગર રોડ. |

| | | |
|---|---|---|
| | બ્રીજના સુપરસ્ટ્રક્ચરની જે જગ્યાએ કામગીરી થનાર છે તે માર્ગ-સર્વિસ રોડ). | ➢ વેજલપુર બુટભવાની મંદીરથી જીવરાજ પાર્ક ચાર રસ્તા સુધી હેવી વ્હીકલ અને બસો અવર-જવર કરી શકશે.<br>➢ વેજલપુર બુટભવાની મંદીરથી LC-૨૦ અંડરપાસ થઇ જીવરાજ મહેતાબ્રીજ સુધી ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર તથા લાઇટ મોટર વ્હીકલનો ટ્રાફિક અવર-જવર કરી શકશે. |

**અપવાદ :** ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની તારીખ અને સમય :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૬/૫/૨૦૨૩ થી તા.૧૬/૫/૨૦૨૫ (૨-વર્ષ) સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫/૫/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૧૫/૫/૨૦૨૩
અમદાવાદ શહેર

(પ્રેમ વીર સિંહ)
ઇ/ચા.પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર

(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર

(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શંહેર

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)

(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર

(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં

(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.